

પ્રભુ ! પ્રભુ !!

હવે ક્યાં ડર ?

પતિને વશ કરનારી વામા

સાખી.

જગત છવાયું પ્યારથી ક્યાં ગઈ મુજ પ્યારી;
શોકાતુર મુજ મન ખરે તુજ વણ મારી પ્યારી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

નાથાલાલ કાળીદાસ પટેલ નિવાસી.

ચંપાપોળ ડભાણ.

પ્રત ૧૦૦૦ આવૃતિ ૧ લી સને ૧૯૨૧

કીમત દોઢ આનો.

ધી શારદા વિજય પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. હરજીવનદાસ અમરસીએ છાપી.

ઠે. સાંથપીપળી—નડીઆદ.

વાંચો અને વંચાવો.

અને લાભ લ્યો.

મહેરબાન સદગ્રહસ્થો આ અમારી ચોપડી નામે પતીને વશ કરનારી ત્રામા ફક્ત એકજ વખત વાંચી લાભ લ્યો જેમ બને તેમ જલદી બે આનાની ટીકીટ બીડી મંગાવી લ્યો. એવી મારી આશા છે

બીજુ એ કે આ ચોપડીમાં કોઈ પણ શબ્દ ભારે લાગતો હોય તો આ મારી પહેલી કલમ છે તેથી માફી આપશો. અને સુધારી લેશો એવી સેવકની અરજ છે.

મંગાવી લેવા તસ્દી લેશો. લખો નીચેને સરનામે મલશે.

મંગાવો મંગાવો મંગાવો

પટેલ નાથાભાઈ કાળીદાસ.
મુ. ડભાણ

કલીયુગનીનારી.

કવાલી.

જુઓ આ હીંદની નારી, ઘણી મસ્તાન બની વાલી,
ફરે છે થઇને મદમાતી, જુઓ કલીયુગની નારી.
પહેરે વસ્ત્ર બારીકો, દીસે છે ગુણકા સરખી,
અતિ ઉમંગમાં રહેતી, જુઓ કલીયુગની નારી.
બગીચે જાય છે ફરવા, ગાડીમાં બેશીને નારી,
નથી તે કોઇથી ડરતી, જુઓ કલીયુગની નારી.
રસોઇઓ રાખીને પોતે હુકમ ફરમાવતી શાણી,
જમીને પાન ખાવે છે જુઓ કળીયુગની નારી.
જુઓ છો કેશ રૂપાળા જાણે ત્યાં નાગ લટકાવ્યા,
ખરે તે પ્રેમ રઢીઆળી જુઓ કળીયુગની નારી.
વાળે ત્યાં અંબોડા ભારી પછી ત્યાં ગુચ્છ તો ગાલી,
કહું છું રોફ આ ભારી જુઓ કળીયુગની નારી.
રમીએ મુખતી કાન્તી સદા હસ્તુ વદન તેનું,
ખરે તે લાગશે પ્યારી જુઓ કળીયુગની નારી.
કોયલડી વાણી આ એની ચોરાયુ ચીત પણ મારૂ,
ખરે તે અંગ મારૂ છે જુઓ કળીયુગની નારી.
નાખે જ્યાં આંખ અણુસારો બસે હાથે દ્રઢતાવાળો,
ખરે છે મન હરનારી જુઓ કળીયુગની નારી.
જેને ઘેર નારી આવી છ અહો ધન્યભાગ્ય તેનાં છે,

ખરે છું હુંજ શેઠાણી જુઓ કળીયુગની નારી.
કરો નહિ રોફ બહુ ભારી અરે ઓ હિન્દની બ્હેનો,
કરે વિનંતી નાથાલાલ પતિવ્રત પાળજો બ્હેનો.
બોલુ છુ હાથ જોડીને માફી માગુછુ તમ પાસે,
લખ્યુ વાંચી તમે ભાઇઓ ન કરશો ક્રોધ મુજ પર રે.

મીયાનુ શ્રવણ

(કવાલી)

અમો આ દેશમાં આવ્યા મુકી મમ પ્રેમદા પ્યારી,
શીયળવંતી તજી દઇને અમો આ દેશમાં આવ્યા.
અરે શી મુખની કાંન્તી નચાવે તે મને ભારી,
અરે તેને છોડી દઇને અમે આ દેશમાં આવ્યા.
આંખો છે રત્નના જેવી લાગે મને પ્રાણથી પ્યારી,
અહા દુઃખી કરી તેને અમે આ દેશમાં આવ્યા.
બોલે જ્યાં બોલ કોયલશી મનોહર મનહર નારી,
સુભાગીને વછોડીને અમે આ દેશમાં આવ્યા
વાતો છાની મને કરતી મેના મારી મને કહેતી,
ગુણવંતી નાર તજીદઇને અમે આ દેશમાં આવ્યા
માગુ જ્યાં પાણીનો પ્યાલો લાવી હાજર કરતીતી,
રીસાય નહિ પ્રેમદા મારી અમે આ દેશમાં આવ્યા.
ખરે તુજ ગુણનો ભંડાર મને બહુ યાદ આવે છે,

બન્યા તુજ વીણ અંધો હું અમે આ દેશમાં આવ્યા.
લખું એક પત્ર શાણીને આવજે ઝટ તું આંહી,
મરૂં છું હાય વિયોગે અમે આ દેશમાં આવ્યા.
તુજ વીણ પ્રાણ તારાને દીલાસો કોઇ નથી દેતું,
તજી મેં પ્રેમની પ્યાલી અમે આ દેશમાં આવ્યા.

પતિનું શ્રવણ

કવાલી

પંખા પવન ગમતાં નથી પુપેલને હું શું કરૂં
વહાલા વ'ના વાલુ નહિ કંઇ પરદેશમાં પ્રીયતમ ગયા
સાડી અને આ પોલકાં ગમતાં નથી મુજને ખરે
આ બાલને સમારી શું કરૂં પરદેશમાં પ્રીયતમ ગયા
ઘર બાગ પણ ગમતુ નથી મુજ પ્રાણ વિયોગે હું મરૂં
આ ટીલડી ને શું કરૂં પરદેશમાં પ્રીયતમ ગયા
ઝાંઝર ગુચ્છ ગમતાં નથી મમ સ્વામી વીણ ગમતુ નથી,
આ જડને હું શું કરૂં પરદેશમાં પ્રીયતમ ગયા.
આ દુશાલ પણ ગમતો નથી નાથ વિદેશે ત્યાં રહ્યા,
આ સપાટને પણ શું કરૂં પરદેશમાં પ્રીયતમ ગયા.
ભોજન પણ ભાવતુ નથી સ્વામી છતાં સ્વામી નહિ.
આ મુખવાસને પણ શું કરૂં પરદેશમાં પ્રીયતમ ગયા.
શીયળ ઋતુમાં તે ખરે સ્વામીજ મારા સુર્ય છે,
આ જુવાની એળે જાય છે પરદેશમાં પ્રીયતમ ગયા.

રે હોય જો મુજ પાસતો ઉમંગ મુજને થાયરે,
એ શીયળને શોભાવનારા પરદેશમાં પ્રીતમ ગયા.
હા હોય જો મુજ સાથમાં તો ભોજન જમીએ ભાવથી,
મમ શણગાર તે ત્યાં રહ્યા પરદેશમાં પ્રીયતમ ગયા.

કોને માટે ?

(કવાલી)

અમે આ દેહ ધારી છે અમારા સ્વામીને માટે,
વળી માયા વધારી છે અમારા સ્વામીને માટે.
પીયર પલમાં તજી દઇને સુભાગી સાસરે આવ્યાં,
મમત સર્વે છોડીજ છે અમારા સ્વામીને માટે.
માતાથી રોજ રમતાતાં પજવતાં માતને ભારી,
હવે અક્કલ વધારી છે અમારા સ્વામીને માટે.
કહ્યું ના માતનું કરતી અતિ ઉમંગમાં ફરતી,
હવે તો સર્વે તજ્યું છે અમારા સ્વામીને માટે.
પીતાની પ્રીત તોડીને પતિનો સ્નેહ જોડીને,
અભિમાન મૂકી દીધું અમારા સ્વામીને માટે.
મ્હેણું સાસુ તણા ખાધા બોલો નણદલ તણા સાંખ્યા,
ક્ષમા ઢાલ ઢાળી છે અમારા સ્વામીને માટે.
પરવશ પીંજરે રહીને દુઃખો વેઠવાં ઘણાં કોઇએ,
આળસુ ટેવ છોડી છે અમારા સ્વામીને માટે.
પ્રાણની સેવા સાચી છે રહી નીજ નાથની સાથે,

અનિતી તો ખુવારી છે અમારા સ્વામીને માટે.
ખરે મન આ વિચારે છે પતિને દેવ ગણવાના.
ખરી આ ટેક લીધી છે અમારા સ્વામીને માટે.
પતી ! સુખમાં સુખીઆં પ્રાણના દુઃખમાં દુઃખીઆં,
ખરે આ ધર્મ સાચો છે અમારા સ્વામીને માટે.
પ્રાણને આંસુ જ્યાં પડશે અમારૂં લોહી આપીશું,
પતિવ્રત હાર પહેરીશું અમારા સ્વામીને માટે.

આવી લુચાઈ ?

(ગઝલ)

નથી જો શાણીની પરવા ! સગાઈ ક્યાં બતાવો છો ?
સગાઈ જો ભર્યા છો તો, લુચાઈ ક્યાં બતાવો છો ?
સગાઈ લગ્નની બાંધી, સગાંએ ગાંઠ આ સાંધી ?
અરે આ ગાંઠ છોડી, જુદાઈ ક્યાં બતાવો છો ?
પતિ છો પ્રાણથી પ્યારા ! અહો નિજ વૃક્ષ છો મારા !
થઈને બાવળ બડાસા ! બુરાઈ ક્યાં બતાવો છો ?
કલેજે જે હતી છાની. રડાવો નાર ક્યાં ભોળી ?
સંસાર આ સાંત્વના પહેલાં, પતરાઈ ક્યાં બતાવો છો ?
અમોને રે ઘણી આશા તમારા પ્રેમ મેળવવા ?
જુઓ આંખે કરી પ્યારા. તમારી પ્રેમદા પ્યારી ?
તમારા હેતને સારૂં ! કરૂં અર્પણ શાર મારૂં !
છતાં ઓ પ્રાણ મારાઓ ! કમાઈ ક્યાં દેખાડો છો ?
પ્રભુ હું પાય ઓ વાલા ! દયા ક્યાં દીલ લાવો છો ?
તમારા ઘેર હું આવી ! ખરે તમે ક્યાં રહાવો છો ?

૨ જો હેને જળા હશે, બોલાવો પ્રેમદા પ્યારી !
કેજો મને સાથમાં પ્યારા ? કરી ચુંબન હઠાવો ના.

પીતાની સેવા

(કવાલી)

ઉમા છે હિંદના પુત્રો પીતાને માર મારવાને,
નથી કંઇ લાજ આંખોમાં પીતાએ કેવા પાળ્યા છે.
પીતા છે પુજવા લાયક કરે છે લાકડી પુજા,
પીતા છે દેવના સરીખા ગણે છે પત્થરા સરીખા.
હતા જ્યાં આપણે નાના પીતાએ હેને ઉછેર્યાં,
થતું જ્યાં દુઃખ આપણુને દવાઓ તે ઘણી કરતા.
વળી લઇ હસ્તથી ખોળે રમાડે પ્રેમથી પ્યારા,
ભણાવ્યા સ્નેહથી બંધુ ઘણો પૈસો તેમાં કાઢી.
હતા જ્યાં પારણે આપણે તહીં ત્યાં આપણે રડતાં,
દોરી ખેંચે ખરે માતા સંભાળ પણ રાખે બહુ ભારી.
રડી જ્યાં માગતા પાણી લાવી હાજર કરતી મા,
ભલે તે ગુણ ભુલીને કરો બંધુ ન કોઇ આવું.

બે નારવાળા.

કવાલી

જુઓ આ હિંદના ભાઇઓ સુખી બે નાર વાળાઓ
ઘડીક રીસાય છે જુની સુખી બે નાર વાળાઓ.

ઘડીક રૈ સાથ છે નવી તેને છે જુની આડી
અરે એ બૈરી વાળાઓ સુખી એ નાર વાળાઓ.
નવિ રાયેજ બોલે તો જુની મોઢું ચઢાવે છે
અરે ના પરણ્યા જેવું સુખી એ નાર વાળાઓ.
કરે જો કામ જુની તો નવી બેસી રહે છે ત્યાં
નવી નારી કરી આવી સુખી એ નાર વાળાઓ.
થયા છે બેહેને કજીઓ તેથી જાય અન્ને પાણી
પછી ચોટોજ પાડે છે સુખી એ નાર વાળાઓ.
જુની કહેશે કરો ઘેબર નવી કહેસે કરો લાડુ
પડે છે આવાં આ આડુ સુખી એ નાર વાળાઓ.
જુની કહેસે કરો લાપસી નવી કહેસે કરો શીરો
કાવુંઘુ આમાં તો જોજો સુખી એ નાર વાળાઓ.
લડ લડી કરી તેઓ પછી ઘણી વેળાવે ગાંડી
અરે હું તુજ હીણભાગી સુખી એ નાર વાળાઓ.

શું કોણે ઘાયલ કરી.

(કવાલી)

સુંદર એ કંઠની કોયલ સુખાવી બોલ રમતીતી
બીચારી બાગ ભમતીતી અરે ઘાયલ કરી કોણે.

કરી ઇશ્વરે ઉત્પન્ન ન હતી તે કોઇને માટે
તથાપી તેહને હણવા એરી હીંમત કરી કોણે.
દુઃખી આ દીલ મારાને દિલાસો એજ દેતીતી
મધુરાં ગીત ગાતી'તી ખરી ગાયક હણી કોણે.
હતો હું તે હતો આશક મધુરી મોહની મારી
અહા આંબા તણે ડાળે મનોહર રહેતી'તી પ્યારી.
મને દીલગીર કરવાને કરી કરણી કરી કોણે
ભડાકે કોય પડીને દુઃખી મમ દેહ આ કીધી.
નહિ શુંદરી વીના ચાલે હવે શુખ આપનાર કો
ખરે મમ હેતની દોરી અરે હા કાતરી કોણે.
અરે કો આહી આવાને થયો છું હાત લો આજે
અરે મુજ પ્રાણની પ્યારી મને તે તો બતાવેને.

કરમ તારી ખુબી ન્યારીજ છે.

(કવાલી)

ઘડીમાં તુ રડાવે છે ઘડીમાં તુ ચઢાવે છે,
ચઢાવીને પછાડે છે પછાડીને ઉઠાડે છે.
કરમ તારી કળા ન્યારી ઘણાઓને નચાવે છે,
ચડાવી ચાક પર તારા અમોને તુ ભમાવે છે.
થતા જ્યાં કામ બીજાની બન્યા ધનવાન તે આજે,
છોડાવી મોજ તેઓને ખરે ખાવા બનાવે છે.

ભજનના વાગતાં વાજાં ગવાતાં ગીત ગીતાનાં,
અરે એ ઘેર તું પળમાં મરણ પોકો પડાવે છે.
નહિ કંઇ વાતમાં સમજે અભણ લોકોજ અથડાતા,
બનાવે મોટા તું તેને દરજ્જે ઉંચે નાખે છે:
હસે જ્યાં સુંદરી સાગી પતિના પ્રેમ વશવાળી
તેને વિધવા બનાવે છે જરા તો જો જરા જાગી.
બનાવે યોગીને ભોગી કરે બળવાનને રોગી
નમાવી ઉંચના પાસે ગુલામી તું કરાવે છે.
ગતી છે કર્મની ન્યારી નહિ તે કોઇને વારી
કરે અરજ નાથાલાલ સદા જગફંદ ચઢી જાય છે.

પાછું મેળવશો ?

(લલીત)

આર્ય બંધુઓ શું વધુ ઘણું, અમૂલ્ય ધનને હિંદમાં હતું
ખોયું તમે કરી હાથથી અરે, મેળવો પાછું રે હિંદ પ્યારાઓ.
વિદેશ જાય છે દેશી બંધુઓ, મન હરી ગયા વિદેશ વાલરે.
કર્યાં ઘણાં કુરાં કર્મ સ્વાર્થે; મેળવો પાછું રે હિંદ પ્યારાઓ.
હોટલો શહેરમાં ચાલતી ઘણી; મરી જતાં નહિ વાર લાગીરે.
બંધ કરો તમે મન વિચારીને; મેળવો પાછું રે હિંદ પ્યારાઓ.
તાજ હિંદનો રાજ તિલક રે ગયો: નહિ મળે તેહ પાછોરે.
કરોને અંતથી હુન્નરો ઘણા; મેળવો પાછુંરે હિંદ પ્યારાઓ
ગર્વ નહિ ધરો કાર્ય આદરો, આપણા દેશમાં વિદ્યા પાથરો.
પાછો નહિ તમે ચાહને બાકી, વદે છે નાથાલાલ માનજો સહી.

જુઓને આ બૈરીને દુનીયામાં ડર છે કે ?

(ભજને શ્રી યદુરાય એ. જીવડા એ રાગ)

દુનીઆમાં ડર નહિ એ પ્રાણપતિ દુનીઆમાં ડર નહિ મારે.
સ્વામી બોલાવું પ્રેમે પોઢાવું એ પ્રાણપતિ દુનીઆમાં ડર નહિ મારે.

સાસુ સસરો વળી નદણલ મારી,
સર્વેની સરમ નહિ મારે એ પ્રાણપતિ.
જેઠ જેઠાણી દીયેર દેરાણી,
બધાંની શરમ મેં ત્યાગી એ પ્રાણપતિ.
કાકો સસરો મારો હદનો ધુતારો,
કાકી વળી કંગાલ એ પ્રાણપતિ.
પીતરાઈ સર્વે પારકાં ગણું છું,
મુજ સ્વામી સિવાય બધુ ખોટુ એ પ્રાણપતિ
ગામડામાં રહીને ગાંડા ગણાઇએ,
શહેરમાં છીએ શાહુકાર એ પ્રાણપતિ.
ગામડામાં રહીને ભરવાડ કહેવાએ,
શહેરમાં સાડી પોલકાં સાથ એ પ્રાણપતિ.
ગામડામાં રહીને ચુડા અધમણના,
દેખાવ આપે ચુડેલ એ પ્રાણપતિ.
શહેરમાં રહીએ ત્યાં બંગડી રૂપાળી,
ભલે હોય દેવાદાર એ પ્રાણપતિ.
કહેછે નાથાલાલ તમને પ્યારા,
બનાવો પ્રાણએ પ્યારી એ પ્રાણપતિ.

કેવી પરનારની પ્રીત.

(કવાલી)

અરે ઓ દેશીઓ મારા મોહ્યા શું મન વિષે પ્યારા
ભમર થઇ ફરતા શાણા મોહ્યા શું પરનારીમાં ૧
કળી ચંપા તણી જાણી વળી સોનું તહીં જાણી
નાજુકડી દેખીને પ્યારા મોહ્યા શું પરનારીમાં. ૨
ગુલાબી ગાલ જોઇને રહો સંસારમાં રાજી
નહિ ત્યાં સુખ જોવાના મોહ્યા શું પરનારીમાં ૩
બનાવી રોફ બહુ ભારી બનાવો દીલજાન એ પ્યારી
રમન કંઇ આદરો ભાઇ મોહ્યા શું પરનારિમાં. ૪
લાવી અત્તર તણી શીશીઓ આપો તમો પ્રેમથી ભાઇ
કરો પસાની ખુવારી મોહ્યા શું પરનારીમાં. ૫
બતાવે મોહ તે ભારી લલચાવે નેન ઠપકાવી
હસાવે પ્રેમ રાખીને મોહ્યા શું પરનારીમાં. ૬
બોલાવે પ્રાણપતિ કહીને રડાવી રાંડ રતિ થઇને
નદી વચ્ચે ડુબાવે છે મોહયા શું પરનારીમાં. ૭
વચન કંઇ કંઇજ બોલીને પૈસા તેના પડાવે છે
અંતે ઇજ્જત બગાડે છે મોહયા શું પરનારીમાં ૮
સોંપી તન મન ધન સર્વ આયુષ્ય ખોટું ગુમાવો છો
થઇશું નર્કને સ્વાધીન મોહયા શું પરનારીમાં ૯
કરશો નહિ પ્રીત પરનારી કરો નહિ કોપ મન લાવી
માફી માગે છે નાથાલાલ મોહયા શું પરનારીમાં. ૧૦

શું ? કજોડાં

(કવાલી)

બન્યા શું એ ફીકરવાળા અરે ઓ હિન્દના ભાઈ,
હોય જ્યાં તારા આગળ સુર્ય કજોડાં કેમ બને બન્ધુ.
ખરે જ્યાં ઉદર આગળ કુતરી ઠરાવી જો મુકી ભાઈ,
વિચારો કંઈ જરી મનમાં કજોડાં કેમ બને બન્ધુ.
જુઓ કુતરા આગળ ઘોડી ગમે ત્યાં પોતે ભટકે છે,
બીચારી મન દુઝાવે છે કજોડાં કેમ બને બંન્ધુ.
પ્રીયા પાણી ભરે છે ત્યાં સ્વામી પગમાંડી અથડાયે.
અરે એ દુખઃ કોને છે કજોડાં કેમ બને બંન્ધુ.
પ્રીયા રસોઈ કરતી હોય સ્વામી ખોળામાં રમતો હોય,
અરે શાણી મુઝાયે છે કજોડાં કેમ બને બન્ધુ.
બીચારી આયતે દેહે નાંખી મુજ માત પીવાની દુઃખમાં
અરે દેહ વ્યર્થ ગુમાવાની કજોડાં કેમ બને બંન્ધુ.
ભટકી ઘરો ઘરે પોતે કરે છે જીંદગીએ એળે,
નકામી દેહ એ ધારી કજોડાં કેમ બને બંન્ધુ.
કજોડાં એક બાને નહિ અનેક પ્રસર્યા હવે ભાઇ,
કહુ આગળ વીસ્તારી કજોડાં કેમ બને બન્ધુ.
ધણી હોય પાંચ પચીસ વર્ષે નાજુકી હોય બે વર્ષે,
અરે એ દુઃખના ચીન્હો કજોડાં કેમ બને બન્ધુ.
ભણેલાને અભણુ મલશે ભણેલી તે અભણુ વળશે,

જોઈ તમે દેશમાં દાઝો કજોડાં કેમ બને બન્ધુ.
સુધારી ભુલ હોય મારી લેજો બન્ધુ તમે પ્યારા,
લખેલો લેખ આ વાંચી કજોડાં કેમ બને બન્ધુ.
વધારે શું લખું બન્ધુ કરે વિનંતી નાથાલાલ,
લખાણ કીધુ સવારમાં મેં કજોડાં કેમ બને બન્ધુ.

ચા કેચીતા.

(કવાલી)

અરે ઓ ચાહ પીનરા પીઓ શું હેત લાવીને
થશે તમ દેહની હાની બુરી હાલત થઇ જાશે.
વદુ છું દેશને માટે પીશો નહિ હેત લાવીને,
હતા ગાય બન્યા છે રંક પીશો નહિ ચાહ પીનરા. ૧
બનાવે લોહીનું પાણી બગડે તબીયત વળી ખાસી,
થાય છે દ્રવ્યની ખ્વારી છતાં ક્યાં માનોછો ભાઈ.
ચાહ છે ભુખને ટાળનાર રક્તનું માંસ તે બળે,
ચાહ અફીણના જેવી પીશો નહિ ચાહ પીનારા ૨
થઈ છે ખાંડ પણ મોંઘી સાથે છે દુધ પણ મોંઘું,
સમજજો મનમાં રાખી હસાવજો રદયે રાખી.
દાઝે છે હોઠ તમારા છતાં ક્યાં હેત લાવો છો,
ખ્વાસાએ દેહ વટલાતાં પીશો નહિ ચાહ પીનારા. ૩
સુણો બન્ધુ તમે પ્યારા કરો નહિ સોગમ પ્યારા
નાથાલાલ વાણી વદે છે પીશો નહિ ચાહ પીનારા. ૪